# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર નીકીતા શાહ વાંચે છે.

***************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ક્રોએશિયાની ઐતિહાસિક મુલાકાત પૂર્ણ.

**2)** અમદાવાદ વિમાન દુર્ઘટનાના 208 મૃતકોના DNA નમૂના મૅચ થયા. 173 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપાયા

**3)** ગુજરાતની કડી અને વિસાવદર સહિત ચાર રાજ્યની પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે આજે મતદાન

**4)** ઇઝરાયલ-ઈરાન વચ્ચેનો સંઘર્ષ તીવ્ર બન્યો- રશિયાના પ્રમુખે બંને દેશ વચ્ચેનો સંઘર્ષ સમાપ્ત કરવા મધ્યસ્થી કરવાનો પ્રસ્તાવ મૂક્યો.

**5)** ઓપરેશન સિંધુ અંતર્ગત 110 ભારતીય વિદ્યાર્થીઓને ઈરાનથી પરત લવાયા

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM CROATIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ક્રોએશિયાની ઐતિહાસિક મુલાકાત પૂર્ણ થઈ. મુલાકાત દરમિયાન અનેક ઉચ્ચ સ્તરની બેઠક યોજાઈ. આ મુલાકાત ભારત-ક્રોએશિયા સંબંધને ગાઢ બનાવવા અને ભવિષ્યના વ્યૂહાત્મક સહયોગનો પાયો નાખવા મહત્વપૂર્ણ તક સાબિત થઈ. શ્રી મોદીએ બાંસ્કી વોરીમાં ક્રોએશિયાના પ્રધાનમંત્રી આન્દ્રેજ પ્લેન્કોવિક સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી. બંને નેતાએ વૈશ્વિક શાંતિ અને લોકશાહી મૂલ્યો સહિતના ક્ષેત્રમાં સહયોગને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધતા દર્શાવી.

## <u>(BYTE – PM MODI BILATERAL)</u>

અન્ય એક મહત્વપૂર્ણ કાર્યક્રમમાં, શ્રી મોદીએ ક્રોએશિયાના રાષ્ટ્રપ્રમુખ જોરાન મિલાનોવિક સાથે મુલાકાત કરી. દરમિયાન બંને દેશે ચાર સમજૂતી કરાર કર્યા

## <u>(BYTE – PM MODI DEFENCE-SUPPLY-CHAIN)</u>

શ્રી મોદીએ આતંકવાદની કડક શબ્દોમાં ટીકા કરી. તેમણે પહલગામ આતંકી હુમલા પછી એકતા દર્શાવવા બદલ ક્રોએશિયાના પ્રધાનમંત્રી અને સરકારનો આભાર માન્યો.

# DNA MATCHING UPDATE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 208 મૃતકના DNA નમૂના મેચ થયા છે. જ્યારે 173 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપવામાં આવ્યા છે. અમદાવાદ સિવિલ હૉસ્પિટલના સુપરિન્ટન્ડન્ટ ડૉક્ટર રાકેશ જોષીએ ગઈકાલે માધ્યમોને માહિતી આપતા જણાવ્યું, 14 પરિવાર નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારવા આવશે. જ્યારે 12 પરિવાર બીજા સ્વજનના DNA મેચની રાહ જોઇ રહ્યા છે. શ્રી જોષીએ કહ્યું, 173 મૃતકોમાં 131 ભારતના નાગરિક, ચાર પોર્ટુગલના, 30 બ્રિટિશ નાગરિક, એક કેનેડિયન તેમજ છ નૉનપેસેન્જરનો સમાવેશ થાય છે.

# ASSEMBLY BYPOLLS

ચાર રાજ્યોમાં પાંચ વિધાનસભા બેઠકો પર આજે પેટાચૂંટણીઓ યોજાઈ રહી છે. ગુજરાતમાં બે વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણીઓ યોજાઈ રહી છે, જ્યારે કેરળ, પશ્ચિમ બંગાળ અને પંજાબમાં એક-એક બેઠક પર પેટાચૂંટણીઓ યોજાઈ રહી છે. સોમવારે મતગણતરી થશે.

ગુજરાતની કડી બેઠક પર ધારાસભ્ય કરસન સોલંકીના અવસાન અને વિસાવદર બેઠક પર પણ ભૂપેન્દ્ર ભાયાણીના રાજીનામાને કારણે આ પેટાચૂંટણીઓ યોજાઈ રહી છે. કેરળની નિલંબુર બેઠક પર પી.વી. અનવરે રાજીનામું આપાતા પેટાચૂંટણી યોજાઈ રહી છે, જ્યારે પંજાબની લુધિયાણા બેઠક

પર વર્તમાન સભ્ય ગુરપ્રીત બસ્સી ગોગી અને પશ્ચિમ બંગાળની કાલીગંજ વિધાનસભા બેઠક પર વર્તમાન ધારાસભ્ય નસિરુદ્દીન અહેમદના અવસાનને કારણે પેટાચૂંટણી યોજઈ રહી છે.

# YOGA-PANCHAYATS

ગ્રામ પંચાયતો આગામી આંતરરાષ્ટ્રીય યોગ દિવસને જન આંદોલન સાથે ઐતિહાસિક બનાવવા માટે તૈયાર છે.

ગયા મહિને, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગ્રામ પ્રધાનોને અપીલ કરી હતી કે તેઓ તેમના પંચાયત વિસ્તારના નાગરિકોને આંતરરાષ્ટ્રીય યોગ દિવસમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે. શ્રી મોદીએ યોગને સામુદાયિક જીવનનો ભાગ બનાવવા માટે આગેવાની લેવા વિનંતી કરી હતી. પ્રધાનમંત્રીની અપીલનો પ્રતિભાવ આપતા, પંચાયતો, શાળાઓ, આંગણવાડીઓ, પંચાયત ભવન અને જાહેર સ્થળોએ ખાસ યોગ સત્રો, સમુદાય સંપર્ક પ્રવૃત્તિઓ અને સામાન્ય યોગ પ્રોટોકોલ પ્રદર્શનોનું આયોજન કરી રહી છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના આગામી સંસ્કરણના મહત્વ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ નિર્દેશ કર્યો કે તે માત્ર વૈશ્વિક ઉજવણી નથી પરંતુ વૈશ્વિક મંચ પર યોગના પુનરુત્થાનની એક દાયકા લાંબી અર્થપૂર્ણ સફરની પૂર્ણાહુતિ પણ છે. તેમણે કહ્યું  કે તે ગર્વની વાત છે કે યોગે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# TELANGANA - ALL PARTY MP MEETING

**તેલંગાણાના મુખ્યમંત્રી એ રેવંત રેડ્ડીએ, આંધ્રપ્રદેશ સરકાર દ્વારા પ્રસ્તાવિત ગોદાવરી-બનાકાચરલા લિંક પ્રોજેક્ટને રોકવા માટે સર્વોચ્ચ અદાલતમાં જવાની જાહેરાત કરી છે.**

**આ પ્રોજેક્ટમાં, ગોદાવરી નદીના પાણીને પોલાવરમથી કૃષ્ણા બેસિનમાં વાળવાની સિસ્ટમનો પ્રસ્તાવ છે. સર્વપક્ષીય સાંસદોની બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું, રાજ્ય સરકાર કાનૂની લડાઈ માટે નિષ્ણાતોની નિમણૂક કરશે. તેમણે કહ્યું કે, સરકાર તેલંગાણાના હિતોનું રક્ષણ કરવા માટે તમામ પ્રયાસો કરશે. તેમણે કહ્યું કે, ગોદાવરી-બનાકાચરલા પ્રોજેક્ટ સામે રાજ્ય**

વિધાનસભામાં ઠરાવ પસાર કરવામાં આવશે અને તેને કેન્દ્રમાં મોકલવામાં આવશે અને આ લડાઈ તમામ પક્ષો એક થઈને લડશે. મુખ્યમંત્રીએ કહ્યું કે ખેડૂતોના હિત અંગે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં.

# ISRAEL-IRAN

ઇઝરાયલ-ઈરાન વચ્ચેનો સંઘર્ષ તીવ્ર બન્યો છે. ઈરાની અધિકારીઓએ દાવો કર્યો કે, ઇઝરાયલી સેના દ્વારા કરવામાં આવેલા ત્રણ હુમલા અને બોમ્બ ધડાકાને કારણે જાનહાનિની સંખ્યામાં વધારો થયો છે. ઈરાનના અધિકારીઓ અને માનવાધિકાર જૂથોનો અંદાજ છે કે સંઘર્ષમાં ઓછામાં ઓછા 585 લોકો માર્યા ગયા છે અને એક હજાર 300થી વધુ ઘાયલ થયા છે, જેમાંથી ઘણા નાગરિકો છે.

દરમિયાન, આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીએ પુષ્ટિ આપી કે, ઇઝરાયલી હુમલાઓએ 2015ના પરમાણુ કરાર હેઠળ દેખરેખમાં આવતા બે સેન્ટ્રીફ્યુજ ઉત્પાદન સ્થળોને સફળતાપૂર્વક નિશાન બનાવ્યા હતા,

ઈરાનના વડા ખામેનીએ તણાવ ઘટાડવા માટે વધતા આંતરરાષ્ટ્રીય દબાણને નકારી કાઢ્યું છે. તો બીજી તરફ, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ ક્ષેત્રમાં લશ્કરી તૈનાતી વધારી, ઈરાનની 'બિનશરતી શરણાગતિ'ની માંગણી કરીને અમેરિકાના હસ્તક્ષેપમાં નાટકીય રીતે વધારો કર્યો છે.

દરમિયાન, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે- ચીન, પાકિસ્તાન અને રશિયાના સમર્થનથી ઈરાનની વિનંતી પર, આવતીકાલે ન્યૂયોર્કમાં ઈરાન પર એક કટોકટી સત્ર નું આયોજન કર્યું છે

# PUTIN-ISRAEL-IRAN CONFLICT

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ઇઝરાયલ અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ સમાપ્ત કરવા માટે મધ્યસ્થી કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

સેન્ટ પીટર્સબર્ગ ઇન્ટરનેશનલ ઇકોનોમિક ફોરમમાં એક અલગ ગોળમેજ સત્રમાં બોલતા, શ્રી પુતિને કહ્યું કે રશિયા એક એવા કરાર પર વાટાઘાટો કરવામાં મદદ કરી શકે છે, જે ઇઝરાયલની સુરક્ષા ચિંતાઓને સંબોધિત કરતાં ઇરાનને તેના શાંતિપૂર્ણ પરમાણુ કાર્યક્રમને આગળ ધપાવવાની મંજૂરી આપશે. શ્રી પુતિને કહ્યું કે તેમણે રશિયાના પ્રસ્તાવો ઈરાન, ઇઝરાયલ અને અમેરિકા સાથે શેર કર્યા છે. ગયા સપ્તાહના અંતે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીતમાં મધ્યસ્થી કરવાની ઓફર કર્યા પછી તેમણે આ પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે કહ્યું કે રશિયા અને ઈરાન મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે અને રશિયાએ બુશેહરમાં તેનો પહેલો પરમાણુ પાવર પ્લાન્ટ બનાવ્યો છે.

# MORN MEA - OPERATION SINDHU

ઈરાન અને ઇઝરાયલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે સર્જાયેલી પરિસ્થિતિમાં ભારતે ઈરાનમાંથી ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે ઓપરેશન સિંધુ શરૂ કર્યું છે. જેના પ્રથમ પગલા તરીકે, તેહરાનમાં ભારતીય દૂતાવાસે ઉત્તરી ઈરાનમાંથી 110 ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢ્યા છે, વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ વિદ્યાર્થીઓ ખાસ ફ્લાઇટમાં યેરેવનથી રવાના થયા છે અને આજે વહેલી સવારે નવી દિલ્હી પહોંચ્યા છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

**1)** આજના તમામ અખબારોમાં ઈરાન ઈઝરાયેલ વચ્ચે વણસી રહેલી પરિસ્થિતિ, ફાસ્ટેગ રીચાર્જની ઝંઝટમાંથી મુક્તિ, પ્રધાનમંત્રી અને અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ વચ્ચે થયેલી વાતચીત સહિતના સમાચારને મુખ્ય પાને પ્રકાશિત કરાયા છેઃ

**2)** દિવ્ય ભાસ્કરનું મુખ્ય મથાળું છે, ટ્રમ્પની સરન્ડરની ધમકીને ઇરાનના સુપ્રીમ લીડર ખામેનેઈએ ફગાવી, કહ્યું – ધમકી એમેને આપો જે ડરતા હોય. યુદ્ધમાં US ઝંપલાવશે તો ભીષણ તારાજી: ઈરાન

**3)** નવગુજરાત સમયના પ્રથમ પાને G-સાત બેઠક બાદ કેનેડાથી ભારત જતા રસ્તામાં અમેરિકા રોકાવા ટ્રમ્પે આમંત્રણ આપ્યું, પરંતુ મોદીએ ઇનકાર કર્યો. PM મોદીએ ટ્રમ્પને કહ્યું : ભારત – પાકીસ્તાન. સંઘર્ષમાં ત્રીજા દેશની મધ્યસ્થી નહીં તથા ઈરાન ઝૂકશે નહીં, અમેરિકાને હસ્તક્ષેપ નહીં કરવા ચીમકી જેવા સમાચારો મુખ્ય શીર્ષકમાં પ્રકાશિત કર્યા છે.

**4)** ગુજરાત સમાચારે શસ્ત્રવિરામમાં તમારી કોઈ ભૂમિકા નથી: મોદીનો ટ્રમ્પને જવાબ તથા 15 ઓગસ્ટથી નેશનલ – એક્સપ્રેસ હાઇવે પર ત્રણ હજાર રૂપિયાનો વાર્ષિક ફાસ્ટેગ પાસ શરૂ – આ સમચારને પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે

**5)** સંદેશ પ્રથમ પાને લખે છે મોદીએ ટ્રમ્પને સાંભળાવ્યું, મધ્યસ્થતા ક્યારેય સ્વીકારી નથી કે સ્વીકારીશું પણ નહી.